નગરપાલિકાઓના મહેકમનું
લઘુત્તમ માળખું તથા મહેકમના
માપદંડ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંક : નપમ/૧૦૮૯/૧૧૨૨/આર
સચિવાલય, ગાંધીનગર
**તા. ૨૨ /૧/૨૦૦૪**

ઠરાવ :

રાજયમાં હાલમાં જુદી જુદી કક્ષાની કુલ ૧૪૨ નગરપાલિકાઓ આવેલી છે. આમાં મોટાભાગની નગરપાલિકાઓમાં મહેકમના કોઇ માપદંડ ઉપલબ્ધ નથી. જેના પરિણામે કેટલીક નગરપાલિકાઓમાં મહેકમ મંજૂર થયેલું છે, કેટલીક નગરપાલિકાઓમાં મહેકમ ઓછું છે તો કેટલીક નગરપાલિકાઓમાં હજુ મહેકમ મંજૂર થયેલ જ નથી. આને પરિણામે નગરપાલિકાઓમાં મહેકમના માળખામાં કોઇ એકસૂત્રતા જોવા મળતી નથી. નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ ઘણી ખરાબ છે. ઘણી એવી નગરપાલિકાઓ છે કે જેમાં મહેકમ ખર્ચ તેની મહેસૂલી આવકના ૪૫ ટકા કરતાં પણ ઘણું ઉંચું છે જેને પરિણામે આવી નગરપાલિકાઓ તેના મંજુર મહેકમ પરના કર્મચારીઓને પણ સમયસર પગારો ચૂકવી શકતી નથી તેમજ પાંચમા પગાર પંચના લાભ પણ તેના કર્મચારીઓને આપી શકતી નથી.

આ પરિસ્થિતિમાં જુદી જુદી નગરપાલિકાઓ દ્વારા સરકાર સમક્ષ મહેકમ મંજૂર કરવા માટે ખાલી જગ્યાઓ ભરવા માટે તથા નવી જગ્યાઓ ઉભી કરવા માટે રજૂઆતો મળતી હતી. તેના સંદર્ભમાં સરકારે તા.૧૦.૯.૧૯૯૮ ના ઠરાવથી નીચે મુજબની સમિતિની રચના કરેલ હતી :

(૧) સંયુકત સચિવશ્રી (નગરપાલિકા) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
(૨) નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય
(૩) શ્રી એચ.બી.વરીયા, નાયબ સચિવશ્રી, નાણાં વિભાગ
(૪) શ્રી સુરેશભાઇ શાહ, ઇન્સ્ટીટયુટ ઓફ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, અમદાવાદ.
(૫) નાયબ નિયામકશ્રી, નગરપાલિકા નિયામકની કચેરી - સભ્ય સચિવ

ઉપરોકત સમિતિએ જુદી જુદી નગરપાલિકાઓની મુલાકાત લઇ જરૂરી અભ્યાસ કરી તેનો અહેવાલ તા.૧૭.૧૧.૧૯૯૯ ના રોજ સરકારશ્રીને સુપ્રત કરેલ હતો. આ બાબતમાં સરકાર પુખ્ત વિચારણા કરી તમામ વર્ગની નગરપાલિકાઓ માટે વર્ગવાર તેના મહેકમનું લઘુત્તમ માળખું નીચે મુજબ ઠરાવે છે :

| ક્રમ | શાખા | શાખામાં આવરી લેવાયેલ જગ્યાની વિગત | જગ્યા | | | |
|---|---|---|---|---|---|---|
| | | | અ | બ | ક | ડ |
| ૧ | સામાન્ય વહીવટ શાખા | મુખ્ય અધિકારી | ૧ | ૧ | ૧ | ૧ |
| | | ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૧ | ૧ | - | - |
| | | પ્રમુખના મદદનીશ (કલાર્ક) | ૧ | ૧ | - | - |
| | | સીનીયર કલાર્ક | ૧ | ૧ | ૧ | - |
| | | રેકર્ડ કલાર્ક | ૧ | ૧ | - | - |
| | | રજીસ્ટ્રી કલાર્ક | ૧ | ૧ | ૧ | ૧ |
| | | કલાર્ક-કમ-ટાઇપીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| | | કોમ્પ્યુટર ઓપરેટર | ૧ | ૧ | ૧ | ૧ |
| | | પટાવાળા | ૨ | ૨ | ૧ | ૧ |
| ૨. | હિસાબી શાખા | હિસાબનીશ | ૧ | ૧ | ૧ | ૧ |
| | | ઓડિટર | ૧ | ૧ | ૧ | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ | ૧ | ૧ | ૧ |
| | | કેશીયર | ૧ | ૧ | - | - |
| | | કલાર્ક | ૨ | ૨ | ૧ | ૧ |
| | | પટાવાળા | ૧ | ૧ | - | - |
| | | ટેક્ષ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | વેરા શાખા | ટેક્ષ ઇન્સ્પેકટર | ૩ | ૩ | ૨ | ૧ |
| | | કલાર્ક/ કોમ્પ્યુટર ઓપરેટર | ૧ | ૧ | - | - |
| | | આરોગ્ય અધિકારી | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | આરોગ્ય શાખા | સેનેટરી ઇન્સ્પેકટર | સ્વીપરની સંખ્યા ધ્યાનમાં લઇ | | | |
| | | મુકાદમ (૨૦ સ્વીપર દીઠ) | અસનાની કમિટીના અહેવાલ અન્વયે રાજય સરકાર નિર્ણય લે તે મુજબ | | | |
| | | સ્વીપર | ૧ | ૧ | ૧ | ૧ |
| | | કલાર્ક | વાહનદીઠ એક | | | |
| | | ડ્રાયવર | વાહનદીઠ એક | | | |
| | | કલીનર | ■ | ■ | ■ | ■ |
| | | પટાવાળા | ■ | ■ | ■ | ■ |
| | ■ જરૂરીયાત મુજબ નગરપાલિકા નિયામકની મંજુરી મળ્યેથી | મેલેરીયા વર્કર | ૧ | ૧ | - | - |
| | | મ્યુનિસિપલ એન્જીનીયર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫. | બાંધકામ શાખા | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૧ | - |
| | | સ્ટોરકીપર-કમ-કલાર્ક | ૧ | ૧ | ૧ | - |
| | | વાયરમેન-કમ-ઇલેકટ્રીશીયન | ૧ | - | - | - |
| | | માળી | ૧ | ૧ | ૧ | ૧ |
| | | પટાવાળા | ૧ | ૧ | - | - |
| | | મ્યુનિસિપલ એન્જીનીયર (ડીગ્રી) | - | - | ૧ | ૧ |
| ૬. | પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા શાખા | (હાઇડ્રોલીક એન્જીનીયર) | | | | |
| | | -એજન- (ડીપ્લોમા) | વાહનદીઠ-૧ | | | |
| | | ડ્રાયવર | પમ્પદીઠ-૧ | | | |
| | | પંપમેન | જરૂરીયાત પ્રમાણે | | | |
| | | પટાવાળા<br>ડ્રેનેજ સફાઇ કામદાર | માત્ર વસતીનું ધોરણ અપનાવી દર પાંચ હજારની વસતીએ એક કર્મચારી રાખવા અને ૯૦ દિવસથી વધુ નહિ તે રીતે કરારના ધોરણે દસ ટકા રીલીવર રાખવા | | | |
| | | મુકાદમ | દર દસ ડ્રેનેજ કામ દીઠ એક ડ્રેનેજ સફાઇ કામદાર મુકાદમ | | | |
| | | | ૧ | ૧ | ૧ | ૧ |
| | | કલાર્ક | ૧ | ૧ | ૧ | - |
| | | ફાયર ઓફિસર | ફાયર ફાઇટર દીઠ- ૨ | | | |
| ૭. | અગ્નિશમન સેવા શાખા | ફાયરમેન | ફાયર ફાઇટર દીઠ | | | |
| | | ડ્રાયવર | એક ડ્રાયવર | | | |
| | | | કામના પ્રમાણે | | | |
| ૮. | ટાઉન પ્લાનીંગ શાખા | ટાઉન પ્લાનર | | | | |
| ૯. | અન્ય વિકાસલક્ષી, સામુહિક-સંગઠન પ્રવૃત્તિ | જે નગરપાલિકામાં આ પ્રવૃત્તિ ચાલતી હોય ત્યાં - | કોમ્યુનીટી ઓર્ગેનાઇઝર - એક<br>કલાર્ક - એક | | | |

નગરપાલિકાઓમાં ઉપરોકત સૂચવ્યા મુજબનો સ્ટાફ/ મહેકમના ધોરણે નીચે દર્શાવેલ શરતોને આધીન રહેશે :

(૧) આકારણી, વસુલાત, બીલ્સ વગેરેની કામગીરી કરતા મહેકમ સહિત નગરપાલિકાની તમામ શાખાના કારકુનોને કોમ્પ્યુટરની તાલીમ આપવાની રહેશે.

(૨) નગરપાલિકાની આવકના ૪૫ ટકાથી વધુ ખર્ચ હોય તેવા કિસ્સામાં મંજૂર થયેલ મહેકમથી વધુ મહેકમ મંજૂર કરવું નહિ. આવક એટલે નગરપાલિકાની મહેસુલી આવક અને મહેસુલી ગ્રાન્ટ આવક નકકી કરતી વખતે છેલ્લા નાણાકીય વર્ષની આવક ધ્યાને લેવી.

(૩) લઘુત્તમ મહેકમ મંજૂર કરાયા બાદ કોઇ કિસ્સામાં વધારાની જગ્યા મંજૂર કરવી જરૂરી જણાય તો તે માટે નગરપાલિકા નિયામકશ્રી મારફત રાજય સરકારની પૂર્વમંજૂરી મેળવવી.

(૪) આ લઘુત્તમ મહેકમ હોઇ નાણાં વિભાગના તા.૯.૯.૧૯૯૮ ના પરિપત્ર મુજબ ૨૦ ટકા કાપ મૂકવાનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ જે નગરપાલિકાઓમાં લઘુત્તમ મહેકમ કરતાં વધારે મંજૂર કરાયેલ મહેકમ હોય ત્યાં ૨૦ ટકા કાપનો અમલ કરવાનો રહેશે.

(૫) જે નગરપાલિકામાં મંજૂર થયેલ મહેકમની સંખ્યા આ લઘુત્તમ મહેકમ કરતાં ઓછી હોય ત્યાં લઘુત્તમ જેટલી જગ્યાઓ ભરવાની આથી મંજૂરી મળે છે.

(૬) નગરપાલિકાઓ વીજળીના થાંભલાની નિભાવણી, વેરાના બીલ તૈયાર કરવા અને વહેંચણી કરવી, પાણી-ગટર, સફાઇના કેટલાક કામોનું ખાનગીકરણ કરી કરારથી આપવાનું વિચારવું. આમ કરવાથી તેટલે અંશે મહેકમ રાખવાનું રહે નહિં અને કરાર ઉપર થતાં ખર્ચને મહેકમ ખર્ચમાં ગણવું.

(૭) જે નગરપાલિકાઓમાં બીલકુલ મહેકમ મંજૂર થયેલ નથી પરંતુ પંચાયતમાંથી નગરપાલિકામાં રૂપાંતર થયેથી જે સ્ટાફ ફરજ બજાવતો હતો અને હાલમાં ફરજ બજાવે છે તે મહેકમને આ લઘુત્તમ મહેકમની મર્યાદામાં સમાવવા.

(૮) ૧૯૯૪ માં જે નગરપાલિકાઓ નગર પંચાયતમાંથી રૂપાંતર થઇને નગરપાલિકા બનેલ છે તેના મંજૂર થયેલા મહેકમની સંખ્યા લઘુત્તમ મહેકમ કરતાં વધારે હોય તો તેવા કેસમાં ૨૦ ટકા કાપ મૂકયા બાદ પણ જો તેવી મંજૂર થયેલ જગ્યા ખાલી રહેતી હોય તો તે જગ્યા નગરપાલિકા નિયામકશ્રીના પરામર્શમાં ભરવાની મંજૂરી આપવામાં આવે છે. એક જ પ્રકારની જગ્યાઓ માટે એક સરખા ભરતી નિયમો હોય અને માન્ય ભરતી પધ્ધતિ પ્રમાણે ભરતી થાય તે નગરપાલિકા નિયામકશ્રીએ જોવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૪.૧૧.૨૦૦૩ થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.ગોહિલ)
ઉપ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શહેરી વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, રાજકોટ.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ.

- પ્રમુખશ્રી/ મુખ્ય અધિકારીશ્રી, સર્વે નગરપાલિકાઓ.
- સ્થાનિક હિસાબ, ભંડોળ, ગાંધીનગર.
- એ.જી. (ઓડિટ) (પે એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી.
- ગુજરાત નગરપાલિકા પરિષદ, ગાંધીનગર.
- શાખા પસંદગી ફાઇલ.
- મદદનીશ પસંદગી ફાઇલ.